**<u>મે.જુનાગઢ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ, મુ.જુનાગઢ.</u>**

**<u>રીકવરી ૩૩(સી.૨) અરજી નં.૧૨/૨૦૨૦</u>**

**<u>આંક :૧૧૫</u>**

**<u>અરજદાર : –</u>** ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ સંલગ્ન ભારતીય મઝદુર સંઘ,
થ્રુ : પ્રમુખ, ભારતીય મઝદુર સંઘ,
રીધ્ધિ સિધ્ધ એપાર્ટમેન્ટ, બીજા માળે,
ઓફીસ નં.૬/૭, વેરાવળ, જી.ગીર સોમનાથ

**– : : વિરૂધ્ધ : : –**

**<u>સામાવાળા : –</u>** શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડુત સહકારી મંડળી લી.,
થ્રુ : મેનેજીંગ ડીરેકટર,શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડુત સહકારી મંડળી લી., કોડીનાર, જી.ગીર સોમનાથ

**<u>બાબત: આઈ.ડી. એકટની કલમ: ૩૩(સી)(૨) હેઠળ અરજી</u>**

**<u>અરજદાર તરફે</u>** : – વિ.વ.શ્રી જે.બી.સાવલીયા

**<u>સામાવાળા તરફે</u>** : – વિ.વ.શ્રી પી.એ.ટાંક

**<u>– : : હુ ક મ : : –</u>**

સદર કામમાં આજરોજ આંક–૨ ના પરીશિષ્ટ મુજબના કામદારો પૈકી ક્રૂમ નં.૨૦, ૨૧,૨૯, ૩૨, ૩૪, ૬૩, ૬૪, ૬૫, ૭૪, ૭૫, ૯૯, ૧૧૬, ૧૨૩, ૧૩૧, ૧૩૪, ૧૩૬, ૧૩૮, ૧૪૦, ૧૫૪, ૧૫૬, ૧૫૮, ૧૬૦ અત્રેની અદાલતમાં તેઓના વ.શ્રી એચ.ડી.રાઠોડ સાથે હાજર થયેલ છે તથા ઉપરોકત તમામ અરજદારો તથા તેઓના વ.શ્રીની સહીથી આંક–૧૧૨ થી વીથડ્રો પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે કે, તેઓએ આ સાથે સામેલ અરજી મુજબ તેઓના કેસ વીથડ્રો કરવા ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ સંલગ્ન ભારતીય મઝદુર સંઘને તા.૨૫/૨/૨૦૨૫ થી અરજી કરેલ હતી તથા ઉપરોકત કામદારોને હાલની રીકવરી અરજી બાબતે સામાવાળા સાથે સમાધાન થઈ ગયેલ હોય, આંક–૨ ના પરીશિષ્ટમાંથી તેઓના નામ કમી કરવા તથા હાલની રીકવરી અરજી તેઓ બીનશરતી પરત ખેચી લેતા હોવાનુ જાહેર કરેલ છે. વધુમાં હાલની વીથડ્રો પુરસીસમાં ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ સંલગ્ન ભારતીય મઝદુર સંઘના

વ.શ્રી જે.બી.સાવલીયા એ હાલની વીથડ્રો પુરસીસમાં તેઓએ અરજદારોના વકીલ તરીકે સંમતિ આપેલ ન હોવાનો તથા વાંધો હોવાનો શેરો કરેલ છે પરંતુ આજરોજ ઉપરોકત તમામ અરજદારો જાતે હાજર હોય તથા તેઓને કોર્ટ રૂબરૂ પુછવામાં આવતા હાલની અરજી તેઓ રાજીખુશીથી તથા સ્વૈચ્છાએ વીથડ્રો કરતા હોવાનુ જણાવેલ છે તેથી મુળ અરજદારોના વ.શ્રી જે.બી. સાવલીયાનો વાંધો ચાલવાપાત્ર નથી. જેથી આંક–૧૧૨ ની વીથડ્રો પુરસીસ રેકોર્ડેડ કરી સદર પુરસીસમાં જણાવેલ અરજદારો પુરતો કેસ વીથડ્રો કરવાનો હુકમ કરવામાં આવે છે તથા તે મુજબ આંક–૨ ના પરીશિષ્ટમાં નામ કમી કરવાનો હુકમ કરવામાં આવે છે. બાકીના અરજદારો પુરતો કેસ આગળ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૨જી માહે: એપ્રિલ, સને: ૨૦૨૫ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૦૨/૦૪/૨૦૨૫

**(નાગદાનભાઈ કે. ડાભી)**
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત,જુનાગઢ.
(જી.જે.૦૧૦૩૦)